# Visit of Minister of State for External Affairs and Culture Smt. Meenakashi Lekhi to Norway, Iceland and Malta (August 16-23, 2022)

## વિદેશી બાબતો અને સંસ્કૃતિનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખીની નોર્વે, આઇસલેન્ડ અને માલ્ટાની મુલાકાત (16-23 ઓગસ્ટ, 2022)

24 ઓગસ્ટ, 2022

વિદેશી બાબતો અને સંસ્કૃતિનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખી દ્વારા 16-23 ઓગસ્ટ 2022 નાં રોજ નોર્વે, આઇસલેન્ડ અને માલ્ટાની મુલાકાત લેવામાં આવી હતી.

2. તેણીની 16-18 ઓગસ્ટની નોર્વેની મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રી નોર્વેનાં વિદેશ મંત્રી શ્રીમતિ એન્નિકેન હુઇટફેલ્ટને મળ્યા હતા અને નોર્વેનાં વિદેશ મંત્રાલયનાં મહા સચિવ શ્રીમાન ટોરે હાટ્ટરેમ તેમજ રાજ્ય સચિવ શ્રીમાન અર્લિંગ રિમેસ્ટાડને મળ્યા હતા. આ મીટિંગો દરમિયાન, વ્યાપાર અને રોકાણ, બ્લૂ ઇકોનોમી, ઊર્જા, આર્કટિક પ્રાંત, સાંસ્કૃતિક અને લોકોનાં પરસ્પરનાં જોડાણોમાં સહકારની ચર્ચા કરવામાં આવી હતી. પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. 17 ઓગસ્ટનાં રોજ, રાજ્ય કક્ષાનાં મંત્રીએ આબોહવા અને પર્યાવરણનાં મંત્રી શ્રીમાન એસ્પેન બાર્થ ઇઆઇડે સાથે ઇન્ડિયા-નોર્વે ગ્રીન એનર્જી કોઓપરેશન પરની પેનલ ચર્ચામાં ભાગ લીધો હતો. રાજ્ય કક્ષાનાં મંત્રીએ આ સંવાદ દરમિયાન આબોહવાની કામગીરીનાં લક્ષ્યાંકો હાંસલ કરવામાં ભારત દ્વારા કરવામાં આવેલી પ્રગતિની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

4. ગુરુદ્વારા શ્રી ગુરુ નાનક દેવ જી (નોર્વેમાં પ્રથમ ગુરુદ્વારા) ની તેણીની મુલાકાત દરમિયાન રાજ્ય કક્ષાનાં મંત્રીએ સિખ સમુદાયનાં લોકો સાથે વાર્તાલાપ કર્યો હતો. તેણીએ કમ્યુનિટી ઇવેન્ટમાં વાઇબ્રન્ટ ભારતીય સમુદાયનાં આશરે 150 પ્રતિષ્ઠિત સભ્યો સાથે પણ વાર્તાલાપ કર્યો હતો. સહભાગીઓમાં વૈજ્ઞાનિકો, આઇટી વ્યાવસાયિકો, વ્યાપારીઓ, યુવાઓ અને વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, રાજ્ય કક્ષાનાં મંત્રીએ યોગની ઇવેન્ટમાં ભાગ લીધો હતો અને ઐતિહાસિક બોટાનિકલ ગાર્ડનમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

5. રાજ્ય કક્ષાનાં મંત્રીએ 19-20 ઓગસ્ટ 2022 નાં રોજ આઇસલેન્ડની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રી આઇસલેન્ડનાં વિદેશ મંત્રી શ્રીમતિ થોર્ડિસ કોલબ્રુન ગાયલફાડોટ્ટિરને મળ્યા હતા અને દ્વિપક્ષીય સંબંધો તેમજ પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. બન્ને પક્ષો મત્સ્યોદ્યોગ, જૈવઉષ્મા ઊર્જા, નવીનીકરણ, વ્યાપાર અને રોકાણ, પ્રવાસન, સંસ્કૃતિમાં સહકાર વધારવા અને લોકોનાં પરસ્પરનાં આદાન-પ્રદાનો વધારવા સંમત થયા હતા. રાજ્ય કક્ષાનાં મંત્રી આઇસલેન્ડનાં સાંસ્કૃતિક અને વ્યાપારી બાબતોનાં મંત્રી શ્રીમતિ લિલ્જા આલ્ફ્રેડ્સડોટ્ટિરને પણ મળ્યા હતા અને યોગ, ચલચિત્રો, સંગીત, પરફોર્મિંગ આર્ટ્સ અને પ્રવાસનમાં સહકાર વધારવા પર ચર્ચા કરી હતી. રાજ્ય કક્ષાનાં મંત્રીએ આઇસલેન્ડની સંસદનાં સ્પીકર શ્રીમાન બિર્ગિર આર્મેન્સનની પણ મુલાકાત લીધી હતી અને બન્ને દેશો વચ્ચે સંસદીય સહકારની ચર્ચા કરી હતી.

6. રાજ્ય કક્ષાનાં મંત્રી સ્થાનિક હેલ્થટેક કંપની રેટિનારિસ્ક અને સંકરા નેત્રાલય વચ્ચે ડાયાબેટિક્સ માટે પ્રેડિક્ટિવ આંખનાં સ્ક્રીનિંગનાં ક્ષેત્રમાં એમઓયૂ પર હસ્તાક્ષર કરવાનાં સાક્ષી બન્યા હતા.

7. રાજ્ય કક્ષાનાં મંત્રીએ "બદલતા વિશ્વમાં ભારતની ભૂમિકા – ભારત@75" વિાય પર યુનિવર્સિટી ઑફ આઇસલેન્ડ ખાતે સંબોધન કર્યું હતું. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી, અધ્યાપકો, સંશોધકો અને નિવાસી રાજદ્વારીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. તેણીએ યોગ ઇવેન્ટ, જન્માષ્ટમીની ઉજવણીઓમાં પણ ભાગ લીધો હતો અને ભારતીય દૂતાવાસનાં પરીસરમાં વૃક્ષનાં છોડની રોપણી કરી હતી. તેણીએ હોર્પા કોન્સર્ટ હોલમાં સાસ્કૃતિક ઇવેન્ટમાં પણ હાજરી આપી હતી જ્યાં વિશાળ સંખ્યામાં ભારતીય સમુદાયનાં સભ્યો હાજર રહ્યા હતા. આ ઇવેન્ટમાં સાંસ્કૃતિક અને વ્યાપારી બાબતોનાં મંત્રીએ આશિર્વાદ આપ્યા હતા.

8. તેણીની 21-23 ઓગસ્ટનાં રોજની માલ્ટાની મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રી માલ્ટાનાં રાષ્ટ્રપતિ ડૉ. જ્યોર્જ વેલાને મળ્યા હતા અને વિદેશ મંત્રી ડૉ, ઇયાન બોર્જ, પ્રવાસન મંત્રી શ્રીમાન ક્લેયટોન બાર્ટોલો અને રાષ્ટ્રિય વારસો, કલા અને સ્થાનિક સરકારનાં મંત્રી ડૉ. ઓવેન બોનિકીને પણ મળ્યા હતા. બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સંબંઝો પર અને ખાસ કરીને વ્યાપાર અને રોકાણ, મેરિટાઇમ સહકાર, સૌર ઊર્જા, ચલચિત્રો, પ્રવાસન અને સંસ્કૃતિ પર વિગતવાર ચર્ચાઓ કરી હતી. માલ્ટાનાં પક્ષ દ્વારા માલ્ટામાં મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ્સ અને આઇસીટી ક્ષેત્રોમાં હાજર 112 ભારતીય કંપનીઓનાં યોગદાનની પ્રશંસા કરી હતી. આરોગ્ય અને ફિનટેક ક્ષેત્રોની ભાવિ સહકાર માટેનાં ક્ષેત્રો તરીકે ઓળખ કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની પણ આપ-લે કરી હતી.

9. રાજ્ય કક્ષાનાં મંત્રીએ મેડિટેરેનીયન એકેડેમી ઑફ ડિપ્લોમેટિક સ્ટડીઝનાં નિર્દેશક અને બોર્ડનાં સભ્યો સાથે સંવાદ પણ કર્યો હતો જે સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યુટ ઑફ ફોરેન સર્વિસ સાથે એમઓયૂ ધરાવે છે અને બન્ને દેશોનાં રાજદ્વારી સંસ્થાનો વચ્ચે સહકાર વધારવાનાં માર્ગો પર ચર્ચા કરી હતી.

10. માલ્ટાનાં વિદેશ મંત્રીનાં આમંત્રણ પર રાજ્ય કક્ષાનાં મંત્રીએ ડિંગલી ફેસ્ટિવલમાં તેમજ કમ્યુનિટી ઇવેન્ટમાં ભાગ લીધો હતો જ્યાં તેણીએ ભારતીય સમુદાયનાં સભ્યો સાથે સંવાદ કર્યો હતો. તેણીએ યોગ ઇવેન્ટમાં પણ ભાગ લીધો હતો અને માલ્ટામાં બુસકેટ વૂડલેન્ડ્સમાં વૃક્ષનાં રોપાની રોપણી કરી હતી.

**નવી દિલ્હી**
**24 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.